અમદાવાદ એસજી હાઈવે ઉપર સ્થિત ગુજરાત હાઈકોર્ટની લેબર કોર્ટ નજીક વકીલો દ્વારા જુદા જુદા મુદ્દાઓને લઈને દેખાવો કર્યા હતા.

વિરમગામ-બેચરાજી સહિત ઉત્તર ગુજરાતનો વાહનવ્યવહાર સરળ, ઝડપી બનશે

અમદાવાદ, તા.૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે વિરમગામ ખાતે વિરમગામ નગરપાલિકા વિસ્તારમાં આવેલ વિરમગામ-બેચરાજી તથા ઉત્તર ગુજરાતને જોડતા સ્ટેટ હાઈવે નં. ૭ પર નીલકી ફાટક પર બનેલા નવા રેલવે પૂલનું લોકાર્પણ કરતા વિરમગામ શહેરથી ઉત્તર ગુજરાત તરફનો વિકાસ ખૂબ ઝડપી બનશે તથા અગાઉ રેલવે ફાટક વારંવાર બંધ રહેતા વાહન વ્યવહારને પડતી મુશ્કેલીનો પણ અંત આવશે. કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના ૫૦-૫૦ ટકા ખર્ચ મુજબ કુલ રૂ. ૩૪૫૧.૫૭ લાખના ખર્ચે બનેલ આ રેલવે બ્રીજ અંદાજે એક કિલોમીટરની છે જ્યારે કોજ વે ૭.૫૦ મીટર છે. બહુચરાજી સાઈડ એપ્રોચની લંબાઈ ૪૬૦.૩૦ મીટરની અને વિરમગામ સાઈડની એપ્રોચ લંબાઈ ૪૪૭.૮૪ મીટરની છે.

વિરમગામ રેલવે જંકશન એ મધ્ય ગુજરાત તેમજ દેશના અન્ય પ્રદેશથી સૌરાષ્ટ્ર, કચ્છ તરફ જતી રેલવે લાઈનોનું મુખ્ય જંકશન છે તથા આ રૂટ પર સતત માલવાહક રેલ ગાડી તથા કચ્છ અને સૌરાષ્ટ્ર

વિસ્તારને ભારતના અન્ય પ્રદેશોને જોડતી પેસેન્જર ટ્રેનોનો સતત ટ્રાફિક રહે છે. આમ આ વિસ્તારમાંથી વધુ રેલવે ટ્રેનો પસાર થવાથી વિરમગામ ખાતે આવેલ રેલવે ક્રોસીંગ સતત બંધ રહેતું હતું.

આ ક્રોસીંગ પરથી વિરમગામ બેચરાજી યાત્રાધામ તથા ઉત્તર ગુજરાતને જોડતો સ્ટેટ હાઈવે નંબર - ૭ પસાર થાય છે ત્યાં રેલવે ફાટક નંબર - ૪૨(નીલકી ફાટક) પર વારંવાર ક્રોસીંગેંધ રહેવાના કારણે વાહન વ્યવહારને ખૂબ જ અસર થતી હતી.

વિરમગામ ખાતે નીલકી ફાટક પર રેલવે ઓવરબ્રીજ બનતા હવે વિરમગામ શહેરથી ઉત્તર તરફનો વિકાસ અત્યંત ઝડપથી વધશે તથા વિરમગામ બેચરાજી તરફ આવતા જતાં વાહનો અને લોકોની વર્ષો જુની સમસ્યાનો અંત આવશે. આ રેલવે ઓવરબ્રીજ બનવાથી હવે વિરમગામ તરફ આવતા વાહનો જેવા કે, એમ્બ્યુલન્સ, સ્કુલ બસ, એસ.ટી.બસ, પોલીસ વાન તથા અન્ય નોકરીયાત વર્ગના લોકો હવે સમયસર આવી શકશે, વિરમગામથી બેચરાજી રોડ પર વિઠ્ઠલાપુર તથા હાંસલપુર ગામ તરફ વિકસી રહેલા ઔદ્યોગિક વિકાસની સાથે સાથે અન્ય વિકાસ જેવા કે રહેણાંક, શૈક્ષણિક, વાણિજ્યિક વિકાસ પણ ખૂબ જ વધશે.

આ રસ્તા પરથી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રથી રાજસ્થાન તરફ જતા અનેક માલવાહક વાહનો સતત પસાર થતા હોય છે. વિરમગામની ઉત્તર દિશા તરફ સ્થાનિક વસાહતોનો વિકાસ થયેલ છે. જેમાં હજ્જારોની સંખ્યામાં લોકો રહે છે. આ સર્વેને વિરમગામમાં આવવા માટે ઘણી મુશ્કેલી રહેતી હતી.

વિરમગામ નગરપાલિકા દ્વારા આ અતિવિકટ પ્રૅંગે સરકારશ્રીમાં અવારનવાર રજૂઆત કરવામાં આવેલ અને આ પ્રૅંનો નિરાકરણ સરકારશ્રી દ્વારા રેલવે ઓવરબ્રીજ બનાવીને કરવાનું નક્કી થયેલ. પ્રાથમિક તબક્કે શહેરી વિકાસ વિભાગ દ્વારા વહીવટી મંજૂરી સને ૨૦૧૨માં મળેલી અને વિરમગામ નગરપાલિકા દ્વારા ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રેલવે ઓવરબ્રીજની કાર્યવાહી પૂર્ણ કરી લોકાર્પણ માટે તૈયાર કરવામાં આવેલ છે.

અરવલ્લી જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

પ્રભારી સચિવ થીરૂપુગાઝના અધ્યક્ષસ્થાને અને કલેક્ટર એસ. છાકછુઆકની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી સભાખંડમાં યોજાઈ હતી

આ બેઠકમાં પ્રભારી સચિવ થીરૂપુગાઝે સંભવિત એકાએક ઉપસ્થિત થનાર કુદરતી આફતો વરસાદ-પૂર સમયે આગોતરા આયોજનની બાબતે સંલગ્ન અધિકારીશ્રીઓને સૂચના તેમજ માર્ગદર્શન આપ્યું હતું. સચિવએ વધુમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે દરેક અધિકારીઓ પાસે સર્વે ટીમ, સંબંધિત ગામોની ફોનની અપડેટ માહિતી હોવી જરૂરી છે. ઈમરજન્સીના સમયે વીજળી, પીવાના પાણીની, ગ્રામજનો સ્થળાંતર અંગે તેમજ સંભવિત રોગચાળા સમયે મેડીકલ ટીમ વગેરેની વ્યવસ્થા ઉપલબ્ધ હશે તો જ ઉદભવેલ પરિસ્થિતિને પહોંચી શકાશે.

આ સમિતિમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારાએ શામળાજી મંદિરના પરિસરમાં શૌચાલયની વ્યવસ્થા અંગે, યાત્રિકોને જમવાની વ્યવસ્થા બાબતે, ભીલોડા ખાતે પેન્શનરોને દેના બેંક સિવાય અન્ય બેંકમાં કામગીરી અંગે તેમજ અરવલ્લી જિલ્લાના પ્રાયોજન વહીવટદારની કચેરી માટે જમીનની કાર્યવાહી જેવા પ્રશ્નોની ચર્ચા કરી હતી.

આ સમિતિમાં આગામી સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઓગષ્ટની ઉજવણી, ગરીબ કલ્યાણ મેળાઓ, મુખ્યમંત્રીની મુલાકાત તથા પ્રમોલગેશન વગેરે વિષયે આગોતરા આયોજનની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ સમિતિના બીજા તબક્કામાં અરવલ્લી જિલ્લામાં એકથી આઠ પત્રકો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ સમિતિમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી ગજજરે તેમજ નાયબ પોલીસ અધિક્ષક ચૌહાણ તથા અન્ય જિલ્લાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

સ્ટેશન પર રાહ જોતી યુવતી પર દુષ્કર્મ કરાયું

અમદાવાદ, તા.૨૧

સોમવારે ગોમતીપુર વિસ્તારમાં યુવતી સાથે સામૂહિક બળાત્કારના ગુનામાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી અને જ્યારે એક આરોપી ફરાર છે. સૂત્રો મુજબ શહેરના અસારવાના ચમનપુરા વિસ્તારમાં રહેતી યુવતી તેના પિયર રાજસ્થાન જવા કાલુપુર રેલ્વે સ્ટેશનના ૧૨ નંબરના પ્લેટફોર્મ પર ટ્રેનની રાહ જોઈ રહી હતી તે દરમ્યાન યુવતી પાસે દેવા અને સંજયના નામના શખ્સે જણાવ્યું કે, જોધપુરની ટ્રેન મોડી આવશે ચાલ મારી બહેનના ઘરે રોકા જશે અને સ્ટેશને એકલુ ન રોકાવાનું જણાવી ફોસલાવીને ગોમતીપુર સોની મોહનલાલની ચાલીમાં દીપુના ઘરે લઈ ગયા હતા. ત્યાર બાદ દીપુ અને દયારામ યુવતીને સોમનાથ નગર દાસની ચાલીમાં આવેલુ આવવરું મકાનની અગાશી પર લઈ ગયા હતા. જ્યાં દેવા અને દયારામે ભેગા મળીને યુવતી પર સામૂહિક બળાત્કાર ગુર્જાર્યો હતો. પોલીસે મોડી સાંજે આરોપી દેવીસિંગ ઉર્ફે શ્રી ફળ ભજન લાલ જોગી અને દીપક ઉર્ફે દીપુ કિશનલાલ મદાવરની ધરપકડ કરી હતી.

કોંગ્રેસ પક્ષની વિસ્તૃત કારોબારી ૨૫મી જુલાઈએ વડોદરા ખાતે યોજાશે

અમદાવાદ, તા.૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની પ્રથમ વખત વડોદરા ખાતે આયોજીત વિસ્તૃત કારોબારી અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પદાધિકારીઓ, કાયમી આમંત્રિતો, વિશેષ આમંત્રિતો, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ સહિત ૬૦૦ જેટલા આગેવાનો તા. ૨૫મી જુલાઈના રોજ સવારે ૧૦૦૦ થી બપોરે ૪૦૦ કલાક સુધી 'નવસર્જન ગુજરાત ના નેજા હેઠળ આગામી સમયમાં ગુજરાતના યુવાનો, મહિલાઓ, ખેડૂતો, શ્રમજીવીઓ સહિત ગુજરાતના ભવિષ્ય માટે વિસ્તૃત રૂપરેખા અને હાલની રાજકીય, સામાજિક, આર્થિક બાબતોની ચર્ચા કરવામાં આવશે. રાજયની ભાજપ સરકાર જે રીતે વહીવટી તંત્ર પરથી કાબૂ ગુમાવી રહી છે પરિણામે સામાન્યમધ્યમ વર્ગના નાગરિકોના સાચા પ્રૉની અવગણના થઈ રહી છે.

રાજયમાં આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં જયારે ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે ઉમેદવારોની પસંદગી, સ્થાનિક મુદ્દાઓ, પક્ષના સિધ્ધાંતો સહિત આગામી કાર્યક્રમો પણ વડોદરા બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. કોંગ્રેસ પક્ષની અરણ્ય ફાર્મ, સેવાસીગોત્રી રોડ, વડોદરા ખાતે યોજાયેલ કારોબારીમાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સચિવશ્રી અહેમદભાઈ પટેલ, રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી શ્રી ગુરૂદાસ કામત, સહપ્રભારી શ્રી સજ્જનકુમાર વર્મા અને શ્રી અશ્વિની શેખરી વિશેષ ઉપસ્થિત રહી માર્ગ દર્શન આપશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂજન પૂજન સમાજના તમામ ધર્મોના સંતો, ગુરૂઓનું પૂજન માન સન્માન જે તે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવશે. રાજયમાં કાયદોવ્યવસ્થા, બેરોજગારી, ખેડૂતોની વિષમ પરિસ્થિતિ, મહિલાઓ પર વધતા જતાં અત્યાચારો, શિક્ષણની અધોગતિ, આરોગ્યની ખરાબ પરિસ્થિતિ જેવી અનેક બાબતોથી ગુજરાતના આમ આદમી હેરાનપરેશાન છે.

ભાજપની સરકાર તમામ મોરચે નિષ્ફળ છે. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ બંનેમાં લોકો પરેશાન થયા છે ખેડૂતોને જે રાહત આપવી જોઈએ તેમાં પણ મજાક કરી છે. લોકોને આપેલા વચનોનું પાલન કરવાને બદલે વચનદ્રોહ કર્યો છે ત્યારે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સરકારી તિજોરીના નાણાંથી ચૂંટાયેલા પ્રતિનિધીઓના સન્માન સમારંભમાં કોંગ્રેસ પક્ષના સભ્યો જોડાશે નહીં

પત્રકાર પરિષદમાં ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા જાહેર સરકારી કાર્યક્રમમાં ૅદાંતરડાથી વાઢી નાંખવાની કરેલા ઉલ્લેખ અંગે પૂછાયેલા પ્રૅંનો જવાબ આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતના મહિલા મુખ્યમંત્રીએ ૅદાંતરડાથી વાઢી નાંખવાની વાત એ ભાજપ અને તેમની સહયોગી સંસ્થાઓની હિંસક માનસિકતાનું પ્રતિબિંબ છે. લોકશાહીમાં વિચારો વચ્ચે ભેદ હોઈ શકે પણ આ પ્રકારના નિવેદનો જાહેર જીવનમાં ગાંધી, સરદારના ગુજરાતમાં ક્યારેય સ્વીકૃત બનતા નથી એવુ પણ હોઈ શકે કે, પક્ષમાં જ આંતરિક ખેંચતાણને કારણે તેમણે જાહેરમાં ઉશ્કેરાટથી ધમકીભર્યા ઉચ્ચારણો કર્યા હોય.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

સિરિયલ કિલર કિર્તી ગેમરની સાગરિત સાથે ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૨૧

સિરિયલ કિલર કિર્તી ગેમર અને તેના સાગરિતને પકડી પાડવામાં ક્રાઈમ બ્રાંચે સફળતા હાસલ કરી છે. આ શખ્સો પાસેથી રિવોલ્વર, કારતુસ, ધારદાર છરા મળી આવ્યા છે. બંનેની ઉંડી પુછપરછ હાથ ધરવામાં આવી છે. અમદાવાદમાં અગાઉ દાણીલીમડા ખોડિયારનગરમાં રહેતો કિર્તી ગેમર ઝગડા અને મારામારીના કેસમાં પકડાઈ ચુક્યો છે. તેની સામે ગુના પણ દાખલ થયેલા છે. તેને હત્યાના કેસમાં પાંચ વર્ષની સજા પણ કરાઈ હતી. ક્રાઈમ બ્રાંચે વોન્ટેડ આરોપી કિર્તી ગેમર તથા તેના સાગરિતોને પકડી પાડયા હતા. તેમની પાસેથી રિવોલ્વર, કારતૂસ નંગ-૫ ધારદાર ત્રણ છરા, ડીસમીસો, ચાવીઓ, મરચાની ભુકી સાથે ઝડપી પાડ્યા હતા.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ટીમ સહિત પેટ્રોલીંગમાં હતી. પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત મળી હતી. બાતમી હકીકતના આધારે આરોપીઓ ૧.કિર્તી ઉર્ફે રમેશ ઉર્ફે રાજુ ગેમરભાઈ મકવાણા ઉ.વ.૩૦ રહે. ગાંધીનગર ૨.સ્વામી પ્રસાદ હરચરન યાદવ ઉ.વ.૧૯ રહે.ગાંધીનગર નાની ઓની વાસણા ચંદ્રનગર ચાર રસ્તા પરથી ઝડપી પાડ્યા હતા. તેમની તપાસ કરતાં ચોરીનું બાઈક,રિવોલ્વર, પાંચ જીવતા કારતૂસ તથા દેસી ડેસમીસો ડીસમીસો, ચાવીઓ, મરચાની ભુકી સાથે મળી કુલ કિંમત ૫૦,૬૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઓરોપીની સઘન પુછપરછ કરતાં આરોપી કિર્તિ ગેમર અગાઉ દાણીલીમડા ખોડિયારનગરમાં રહેતો હતો જ્યાં કોઈ ધંધો કરતો ન હતો. લોકોની સાથે ઝધડા અને મારામારી કરતાં દાણીલીમડામાં ગુનો નોધાયો હતો. ૨૦૦૧માં પોતાના વતનમાં પોતાના ભાઈ અતુલની સગાઈમાં તેના પિતા સાથે બોલચાંલ થતાં આરોપી ઉછકરાઈ તેના પિતાને છરીના ઘા મારી હત્યા કરી હતી. જે સંદર્ભે પાંચ વર્ષની સજા થઈ. ત્યાર બાદ ૨૦૦૫માં દાણીલીમડા ખોડિયાનગરમાં તેના ભાઈ અંતુલને રામસિંગ ઠાકોરનામન શખ્સે છરી મારી હત્યા કરી હતી. જેની જુની અદાવત રાખી આરોપી કિર્તિ અને તેના સાગરિતોઓએ અમરત તથા બાબુ તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી હતી. જેના સંદર્ભે બે વર્ષ જેલમાં રહ્યો. જેલમાંથી છુટયા બાદ ૨૦૦૭માં દાણીલીમડા ખાતે રહેતો હરીંશપાલા વણકરનાની આરોપી કિર્તીના બહેન સાથે આડા સબધ હોવાથી અપહરણ કરી તેવી હત્યા કરી હતી અને લાશ નદીનાં પુરમા ફેકી દીધી હતી.

ગુણ સુધારાણા કાંડ : તપાસ સમિતિએ અહેવાલ સોંપ્યો

અમદાવાદ, તા.૨૧

ગુજરાત યુનિવર્સિટીમાં તાજેતરમાં બહાર આવેલા ગુણ સુધારણા કૌભાંડમાં તપાસ સમિતિએ પોતાનો રિપોર્ટ ગુજરાત યુનિવર્સિટીન સોપી દીધો છે. જેમાં વધુ બે વિદ્યાર્થીઓએ આ કૌભાડ આચર્યું હોવાનું સામે આવ્યું છે. જેમાં સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં વિદ્યાર્થી શેખ મોઈન હુસેન અને સીયુ શાહ સીટી કોમસ કોલેજનાં શેખ મોહમ્મદ હુસેન નામના વિદ્યાર્થીઓએ ચાલાકી પૂર્વક પોતાની માર્કશીટમાં માર્ક વધાર્યા હોવાનો ચોકાવનારો ખુલાસો થયો છે. આ વિદ્યાર્થીઓના પરિણામમાં મેનેજમેન્ટ એકાઉન્ટમાં ચાર માર્કસ અને ઓડિટિંગમાં ડેટા એન્ટ્રી કરતી વખતે ૧૬ માકર્સ વધારી દેવાયા હોવાનું સામે આવ્યું છે. આ સાથે આ કોંભાંડમાં સકળાયેલા કુલ વિદ્યાર્થીઓમાં સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો એક અને સીયુ શાહ સીટી કોમર્સ કોલેજનાં ત્રણ એમ ચાર વિદ્યાર્થીઓના માકર્સ સુધારવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.તપાસ સમિતિનાં જણાવ્યા મુજબ શેખ મોઈન હુસેન નામના વિદ્યાર્થીએ ઉત્તરવહીમાં કોઈ પણ પ્રકારની નિશાની કર્યા વગર પોતાના માર્કમાં વધારો કર્યો હોવાનું નોધવામાં આવ્યું છે. શેખ મોઈન હુસેને કોમર્સનાં સેમેસ્ટર-૬નાં મેનેજમેન્ટ એકાઉન્ટીંગ વિષયમાં ઉત્તરવહીમાં ૫૫ માર્ક દર્શાવવામાં આવ્યા છે. પરંતુ આ જ વિદ્યાર્થીના માર્કને ડેટાએન્ટ્રી સાથે સરખાવતા તેના માર્ક ૫૧ જેટલા થવા પામે છે. આજ રીતે એકાઉન્ટીંગ વિષયમાં મોઈન હુસેનની ઉત્તરવહીમાં ૬૪ માર્ક દર્શાવવામાં આવ્યા છે. પરંતુ ડેટામાં વિદ્યાર્થીના માર્ક માત્ર ૪૪ હોવાનું જાણવા મળ્યું છે.

પંચાયતની ચૂંટણીઓ ટાણે સન્માનના નાટક ભાજપને શોભતા નથી : રાઘવજી પટેલ

ગાંધીનગર, તા. ૨૧

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી નજીકમાં જ છે. તેવા સંજોગોમાં ગુજરાતના ભાજપની સરકાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાના વર્તમાન તથા ભૂતપૂર્વ સભાસદો તથા હોદ્દેદારોને સન્માનવાના કાર્યક્રમો કરી ચૂંટણીમાં તેમની સહાનુભૂતિ જીતવાના નાટકો કરી રહેલ છે પણ પ્રજા આ ભાજપની સરકારના આવા તમાશાઓને સારી રીતે ઓળખી ગઈ છે. જેથી આ ચૂંટણીઓમાં ભાજપના સરકારના આવા તમાશાઓ નિષ્ફળ જવાના છે. તેવો વિશ્વાસ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને ધારાસભ્યશ્રી રાઘવજી પટેલે વ્યક્ત કર્યો છે.

હકીકતમાં કોંગ્રેસી મુખ્યમંત્રીશ્રી સ્વ. બળવંતરાય મહેતાના શાસનમાં ગુજરાતમાં નમૂનેદાર પંચાયત રાજયની સ્થાપના થઈ અને તેના પરિણામે આખા ભારતમાં ગુજરાત મોડેલ પ્રમાણે પંચાયત સ્થપાઈ સ્વ. ઝીણાભાઈ દરજી કમીટીના કારણે ગુજરાતની સ્વરાજયની સંસ્થાઓમાં દલિતો, આદિવાસીઓ તથા બક્ષીપંચ માટે અનામત બેઠકો દાખલ થઈ અને સમાજના આર્થિક રીતે નબળા તથા પછાત વર્ગોના લોકોના હાથમાં સ્વશાસનની સત્તાઓ આવી સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધીએ મહિલાઓ માટે અનામત દાખલ કરી. ગુજરાતની મહિલાઓને સ્વરાજયની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ આપ્યું. સ્વ. રાજીવજીએ કેન્દ્રમાંથી પંચાયતોને સીધી નાણાંકીય ફાળવણી કરીને પોતાને કરવાના કામો પોતેજ મંજૂર કરી શકે તેવી સત્તાઓ આપીને કોંગ્રેસી શાસકોએ પંચાયતી રાજયને મજબૂત બનાવીને વિકાસના કામો કરવાની તેના પદાધિકારીઓને સત્તાઓ આપી શાસનકર્તા બનાવેલ છે. જેને ગુજરાતની જનતા જાણે છે.

બીજીબાજુ ભાજપની સરકાર ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના હોદ્દેદારો પાસેથી તમામ સત્તાઓ આંચકી અને અધિકારીઓને આપી દીધી છે. . પોતાના માનીતા અને સાસંદશ્રીના અધિકારીઓ દ્વારા ગાંધીનગર થી શાસન કરી શકાય, પોતાની મરજી મુજબનો વહીવટ કરી શકાય તેવી રીતે સત્તાનું કેન્દ્રીકરણ કરી નાંખેલ છે.

સરકારી ખર્ચે યોજાતા આવા ભાજપ સરકારના પ્રયત્નો સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ નારાજગી વ્યક્ત કરી છે અને કોંગ્રેસના તમામ વર્તમાન અને ભૂતપૂર્વ પદાધિકારીઓને ભાજપ સરકારના સરકારી ખર્ચે યોજાતા આવા પ્રતિધ્વના પ્રયત્નોમાં સામેલ ન થવા અનુરોધ કરેલ છે. તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવેલ છે.

મહિલા આરોગ્ય કેમ્પ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં સગર્ભાઓની નોંધણી વેળાસર થાય તેમજ સગર્ભા મહિલાઓને મેલેરિયાથી રક્ષિત કરવા મચ્છરદાની વિતરણ બીપીએલ પરિવારની મહિલાઓ માટે અલાયદા કેમ્પો કરવાનું પણ સૂચન થયું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉપરાંત પંચાયતના ચૂંટાયેલા સભ્યો તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતાં.

સુકા વૃક્ષો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રકારના ૨૫ જેટલા વૃક્ષો યથાવત છે.જયારે અન્ય સેકટરો તેમજ મુખ્ય માર્ગો પર આવા સુકા વૃક્ષો દુર કરવામાં આવ્યા નથી.આમ નાગરીકોની સલામતી વિસરાઈ છે. અગાઉના વર્ષોમાં પણ વૃક્ષો જમીનદોસ્ત થવાના લીધે રાહદારીઓ મોતને ભેટયા હોવાના કીસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે વન વિભાગે આ મામલે સર્વે હાથ ધરી જોખમી વૃક્ષોને દુર કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

કૃત્રિમ ઉછાળો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય છે. જેને લોકોની અનિવાર્ય જરૂરિયાત સમજી નગરમાં વિવિધ ઠેકાણે ફળફળાદિનું વેચાણ કરતાં ફરીયાઓ તથા વેપારીઓ સમય અને સંજોગો મુજબ ફળોના ભાવોમાં ઉતાર-ચઢાવ નક્કી કરી લે છે. જેથી ફળફળાદિના ભાવોમાં સ્થીત કૃત્રિમ ઉછાળા બનતા રહે છે. પર પ્રાંતમાંથી ફળો મંગાવતા હોવાનું કારણ આગળ ધરીને આ વેચાણકર્તાઓ એકજુટ થઈ તમામ ઠેકાણે એક જ ભાવમાં ફળ લોકોને મળે તેવુ વ્યવસ્થિત ષડયંત્ર ઉભુ કરતા હોવાનું લોકો જણાવી રહ્યા છે. ધાર્મિક તહેવારો, શુભપ્રસંગો તથા નગરમાં કોઈ નવીન પ્રસંગના આયોજન સમયે આવશ્યક ફળફળાદિની જરૂરિયાત સમજીને તરત જ વેચાણકર્તાઓ ભાવમાં વધારો ઝીંકી દઈ મજબુરીનો લાભ ઉઠાવતા હોવાનું તારણ બહાર આવ્યું છે.

હાલમાં કોઈજ તહેવાર કે ધાર્મિક પ્રસંગો ન હોવા છતાં ફળોમાં ભાવ વધેલા જ રહ્યા છે. જેથી નગરજનોએ તંત્રને ફળફળાદિના ભાવ નિયંત્રણમાં રહે તે માટે અલાયદી વ્યવસ્થા હાથ ધરવા માંગ કરી છે. પાટનગરમાં ફળો હાલની નીચેના ભાવે વેચાઈ રહ્યા છે. જેમાં ફેરફાર શક્ય છે જે વેચાણકર્તા ઉપર નિર્ભર બન્યા છે.

શબ્દાવલી - ૫૭૯૫

૧	૨		૩	૪	■	૫	
૬		■	૭		૮		■
૯		■		■	૧૦		૧૧
	■	૧૨	■	૧૩		■	
૧૪	૧૫		■	૧૬		૧૭	
■	૧૮				■		■
૧૯	■		■	■	૨૦	■	૨૧
૨૩			■	૨૩			

આડી ચાવી

૧. કાગળ ઉપર મુકવાનું વજન (૫)
૫. અધિકાર (૨)
૬. ઉપગાડી (૨)
૭. વાણિયા વેપારી (૪)
૯. કુટેવ, આદત (૨)
૧૦. 'ફરક' શબ્દ આડેઅવળો(૩)
૧૩. પુન્યનું વિરોધી... થાય(૨)
૧૪. અંગારો (૩)
૧૬. હિન્દુ ધર્મની કલ્પિત માન્યતા મર્યા પછી... નદી પાર કરવી પડે (૪)
૧૮. સૈનિક, યોદ્ધો (૪)
૨૨. પ્રભાત, સવાર (૩)
૨૩. ખુબ હોવું તે, અતિશય(૪)

ઊભી ચાવી

૧. ડીઝલ કે પેટ્રોલ ભરાવવા... જવું પડે (૫)
૨. ભૂત (૩)
૩. સમધન, પોતાના પુત્ર-પુત્રીના સાસુ (૩)
૪. ટણીને તિરસ્કારમાં... કહેવાય (૨)
૫. એક શબ્દ પણ નહિ, ... પણ નહીં (૩)
૮. મન... હરિદર્શન કો આજ(૪)
૧૧. જેવી... તેવી ભરણી (૩)
૧૨. મહારાણા પ્રતાપની રાજધાની (૫)
૧૩. માતાજીના ભગત (૩)
૧૫. શેવાળ, પાણી ઉપર વળતી લીલી છારી (૨)
૧૭. રીવાજ, રસમ (૨)
૧૯. સ્વીચ (૨)
૨૦. થૂવર, કાંટાળી વનસ્પતિ(૨)
૨૧. સમય, વખત (૨)

શબ્દાવલી ૫૭૯૪ના જવાબ

આડી ચાવી :- (૧) અડીખમ (૪) બગાઇ (૬) ડોલ (૭) લમબત (૯) ડખો (૧૦) તખ્તનશીન (૧૪) લાગ (૧૫) અપક્ષ (૧૭) રતલામી (૧૯) વારતા (૨૦) પીટ

ઊભી ચાવી :- (૧) અડોઅડ (૨) ડીલ (૩) મરામત (૪) બરતન (૫) ઇલા (૮) બખ્ખર (૧૧) શીલા (૧૨) નગરશેઠ (૧૩) સાક્ષરતા (૧૫) અથવા (૧૬) અમીટ (૧૮) લાપી